# મહુધા અને કઠલાલ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીની મુલાકાત લીધી

સાર્વજનિક ઉ.બુ.મા. અને ઉ.મા. વિદ્યાલય મુ. ઉંદરા તા. મહુધા જી. ખેડાના તથા શ્રી અરાલેશ્વર યુ.બી. વિદ્યાલય મુ. અરાલ તા. કઠલાલ જી. ખેડાના કુલ ૧૧૬ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ફાર્મ ટેકનોલોજી ટ્રેનીંગ સેન્ટર, નેનપુરની તા. ૨૫/૦૩/૨૦૨૫ ના રોજ મુલાકાત લીધી. આ અન્વયે ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે વિદ્યાર્થીનીઓને કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ, કૃષિ અભ્યાસ અને રોજગારની તકો વિશે તથા ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ વિષે માહિતી આપી હતી. વધુમાં, વિદ્યાર્થીનીઓને મ્યુઝિયમની મુલાકાત કરાવી વિવિધ કૃષિ વિષયક તાંત્રિકતાઓ વિષે માહિતગાર કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ટી. આર. પટેલ, રીસર્ચ એસોસિએટ દ્વારા કરવામાં આવેલ.














